www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
Happy Navratri
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૧૬ ૧૫ ઓક્ટોબર, ૨૦૧૮, સોમવાર; આસો સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**શાહજહાપુરમાં નિર્માણાધીન ઈમારત તુટી પડી**

ઉત્તરપ્રદેશના શાહજહાપુર જિલ્લામાં ઈન્ટર કોલેજની નિર્માણાધીન ઈમારત તુટી પડી હતી. જેમાં કેટલાય મજૂરો દટાઈ ગયા હતા. ૧૪ મજૂરોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા જે પૈકી એકનું મોત થયું છે.

**યોગ્યતા હશે તો જ અમેરિકા અવાશે : ટ્રમ્પ**

અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કહ્યુ છે કે યોગ્યતા હશે તેને જ અમેરીકા આવવા મળશે. ગેરકાયદેસર રીતે અમેરીકામાં પ્રવેશ કરી શકાશે નહી.

**અલાહબાદ હવે પ્રયાગરાજથી ઓળખાશે**

અલાહાબાદનુ નામ પ્રયાગરાજ રાખવાનો માર્ગ હવે સાફ થઈ રહ્યો છે. કુંભમેળામાં માર્ગદર્શક મંડળની બેઠકમાં આ પ્રસ્તાવને પાસ કરાયો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય કેબીનેટ મંત્રીઓની ઉપસ્થિતિમાં આ પ્રસ્તાવ પર રાજ્યપાલ રામનાયકે સહમતી દર્શાવી છે.

**મુંબઈમાં પત્રકાર પર હુમલો**

દક્ષિણ મુંબઈમાં ટી.વી. પત્રકાર હરનન ગોમ્સ પર હુમલો થયો હતો. કેટલાક અજ્ઞાત લોકોએ હરમન ગોમ્સ પર હુમલો કરતાં તેઓને ગંભીર ઈજાઓ થઈ છે.

# #MeToo : મંત્રી એમ.જે.અકબરનું રાજીનામું

**અકબર નાજજીરિયાથી દિલ્હી પરત ફર્યા : મંત્રી અકબરે ઈ-મેઈલ કરી રાજીનામું આપ્યુ હોવાના સમાચાર : વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજને મળવા માટેનો સમય માંગ્યો : મંત્રી સામે ૧૧ મહિલાએ આરોપ લગાવ્યો હતો**



ન્યુ દિલ્હી,તા.૧૪

યૌન શોષણના આરોપનો સામનો કરી રહેલા કેન્દ્રીય મંત્રી એમ.જે. અકબરે રાજીનામું આપી દીધાના સમાચાર છે. સરકાર સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મંત્રી એમ.જે.અકબરે ઈ-મેઈલ કરીને પોતાનું રાજીનામું આપી દીધું છે. અકબર મોદી સરકારમાં વિદેશ રાજ્ય મંત્રી છે. તેઓ રવિવારે સવારે જ વિદેશ પ્રવાસથી ભારત પરત ફર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે રાજીનામું આપ્યા બાદ તેમણે વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજને મળવા માટેનો સમય માંગ્યો છે.

નાઈજીરીયાના પ્રવાસેથી પરત ફરેલ મંત્રી અકબરે પ્રિન્સિપાલ સેક્રેટરી નૃપેન્દ્ર મિશ્રાને પોતાનું રાજીનામું મોકલી આપ્યું હતું. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે #MeToo ચળવળ હેઠળ વિવિધ મહિલાઓએ મંત્રી સામે કરેલી શારીરિક શોષણની ફરિયાદ બાદ મંત્રીનો પક્ષ લેવાનું કામ મુશ્કેલી બની ગયું હતું. મંત્રી સામે સાહિત્ય, મનોરંજન, પત્રકારત્વ, જાહેરાત, વગેરે ક્ષેત્રની મહિલાઓએ આક્ષેપ લગાવ્યા છે. સૂત્રોએ એવું પણ જણાવ્યું હતું કે અન્ય મંત્રીઓ સતત એવી

● અનુસંધાન પાન-૭ પર

# એએમયુ છોડી દેવા ૧૨૦૦ કાશ્મીરી વિદ્યાર્થીની ચેતવણી

**મન્નાન વાની શોકસભા વિવાદમાં નવો વળાંક યુનિવર્સિટી વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી પરત ખેંચવા વિદ્યાર્થીઓની માંગણી**



અલીગઢ, તા. ૧૪

હિઝબુલ મુઝાહિદ્દીનના ત્રાસવાદી મન્નાન વાનીના એન્કાઉન્ટર અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં તેની યાદમાં શોકસભા આયોજિત કરવાને લઈને વિવાદ ચાલી રહ્યો છે. તેમાં હવે એક નવો ટ્વિસ્ટ આવી ગયો છે. હવે અહીંના અનેક વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વહીવટીતંત્રને સાફ શબ્દોમાં કહ્યું છે કે, બે દિવસમાં વિદ્યાર્થીઓની સામે કરવામાં આવેલી કાર્યવાહી પરત નહીં લેવામાં આવે તો આંદોલન ચલાવવામાં આવશે. હવે ૧૨૦૦ જેટલા કાશ્મીરી વિદ્યાર્થીઓએ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને છોડી દેવા માટેની ધમકી આપી છે. આ વિદ્યાર્થીઓએ ચેતવણી આપી છે કે, જો યુનિવર્સિટી વહીવટી તંત્ર આવું નહીં કરે તો ૧૨૦૦ કાશ્મીરી વિદ્યાર્થીઓ ૧૭મી ઓક્ટોબરના દિવસે સામૂહિકરીતે પોતાની ડિગ્રી યુનિવર્સિટી વહીવટીતંત્રને પરત આપીને કાશ્મીર જતા રહેશે. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વહીવટીતંત્ર ઉપર કાશ્મીરી વિદ્યાર્થીઓની સાથે ભેદભાવ કરવાનો આક્ષેપ કર્યો છે.

# મનોહર પરિકરની તબીયત નાજુક

પણજી,તા.૧૪

લાંબા સમયથી બીમાર ગોવાના મુખ્યમંત્રી મનોહર પરિકરને દિલ્હીથી ગોવા લઈ જવામાં આવ્યા છે. તેમની હાલત ત્યાર બાદ પરિકરને એર એમ્બ્યુલન્સ મારફતે ગોવા લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સ્થિતિ નાજુક કહેવાય રહી છે.

મનોહર પરિકર લગભગ

**એર એમ્બ્યુલન્સથી ગોવા લઇ જવામાં આવ્યા**

ગંભીર કહેવાય છે. પરિકર ઘણા સમયથી દિલ્હીની AIIMSમા સારવાર લઈ રહ્યા હતા. કહેવાય છે કે, આજે સવારે તેમની તબિયત બગડી ગઈ હતી અને ત્યાર બાદ તુરંત તેમને ICUમા શિફ્ટ કરવામાં આવ્યા હતા. એક મહિનાથી દિલ્હીના AIIMSમા ભરતી હતા. અમેરિકામાં ઈલાજ બાદ તેઓ ૧૫ સપ્ટેમ્બરના રોજ પરત ફર્યા હતા. તેમની ગેરહાજરીમાં ગોવામાં રાજકારણ પણ ગરમાયું હતું.



# બીજી ટેસ્ટમાં વેસ્ટઈન્ડિઝ સામે ભારતની ૧૦ વિકેટે જીત

**૨-૦થી ક્લિન સ્વીપ : વિન્ડિઝની ટીમ બીજા દાવમાં માત્ર ૧૨૭ રનમાં ઓલઆઉટ : જીતવા માટેના માત્ર ૭૨ રન ભારતે કોઇપણ વિકેટ ગુમાવ્યા વિના બનાવ્યા રાજકોટ ટેસ્ટમાં મોટા અંતરથી જીત બાદ બીજી ટેસ્ટ પણ ૧૦ વિકેટે જીતી**

હૈદરાબાદ,તા. ૧૪



હૈદરાબાદમાં રમાયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચ પણ જીતીને ભારતે નવો ઈતિહાસ સર્જ્યો છે. ભારતે આજે વેસ્ટઈન્ડિઝ ઉપર હૈદરાબાદ ટેસ્ટમાં ૧૦ વિકેટે જીત મેળવી હતી. યજમાન ટીમને જીતવા માટે માત્ર ૭૨ રનની જરૂર હતી. ભારતે પૃથ્વી શોના અણનમ ૩૩ અને લોકેશ રાહુલના અણનમ ૩૩ રનની મદદથી આ ટાર્ગેટ પાર પાડીને ૧૦ વિકેટે જીત મેળવી હતી. પૃથ્વી શોએ ચોગ્ગો મારીને ભારતને જીત અપાવી હતી. પ્રવાસી ટીમે પ્રથમ ઈનિંગ્સમાં ૩૧૧ રન બનાવ્યા હતા જ્યારે ભારતીય ટીમે જવાબમાં ૩૬૭ રન બનાવ્યા હતા. ભારતે પ્રથમ ઈનિંગ્સના આધાર પર યજમાન ટીમ ઉપર ૫૬ રનની લીડ મેળવી હતી. વિન્ડિઝની ટીમ તેના બીજા દાવમાં પણ કોઈ ધારે ધરખમ દેખાવ કરી શકી નહતી. વેસ્ટઈન્ડિઝની ટીમ તેના બીજા દાવમાં માત્ર ૧૨૭ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ઉમેશ યાદવે ૪૫ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી જ્યારે રવિન્દ્ર જાડેજાએ ૧૨ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. વિન્ડિઝનો કંગાળ દેખાવ જારી રહ્યો હતો. આ પહેલા વિન્ડિઝની બીજી ઈનિંગ્સની શરૂઆત પણ ખરાબ રહી હતી. બંને ઓપનર્સ માત્ર ૭ રન ઉમેરીને પેવેલિયન ભેગા થયા હતા. આજે ત્રીજા દિવસે ભારતે પોતાની ઈનિંગ્સને આગળ વધારી હતી અને ભારતીય ટીમ ૩૬૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

# આજે વડાપ્રધાન આંતરરાષ્ટ્રીય ઓઈલ કંપનીઓના સીઈઓ સાથે ચર્ચા કરશે

ન્યુ દિલ્હી,તા.૧૪

ઈરાન ઉપર અમેરિકાના આર્થિક નિયંત્રણોને કારણે વિશ્વસ્તરે ઊભી થયેલી ધ્રૂજારી તથા આર્થિક વિકાસ પર જોખમ ઊભું કરનાર ઈંધણના ઊંચા ભાવને કારણે ભારતમાં ઊભી થયેલી પરિસ્થિતિ વિશે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ટોચની આંતરરાષ્ટ્રીય તથા ભારતીય ઓઈલ અને ગેસ કંપનીઓના ચીફ એક્ઝિક્યૂટિવ ઓફિસરો સાથે ચર્ચા કરશે.

ભારતમાં કાચા તેલ તથા ગેસની શોધ તથા ઉત્પાદનમાં મૂડીરોકાણ કેવી રીતે વધારવાના માર્ગો અંગે પણ આ ત્રીજી વાર્ષિક બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

વડા પ્રધાન મોદીએ એવી પહેલી બેઠક ૨૦૧૬ની પાંચ જાન્યુઆરીએ યોજી હતી. બીજી બેઠક ૨૦૧૭ના ઓક્ટોબરમાં યોજવામાં આવી હતી. સરકાર હસ્તકની ઓએનજીસી અને OIL કંપનીઓના તેલ-ગેસ ક્ષેત્રોના ઉત્પાદનમાં વિદેશી અને ખાનગી કંપનીઓને ઈક્વિટી આપવી જોઈએ એવા ગત્ બેઠકમાં સૂચનો કરવામાં આવ્યા હતા. પરંતુ ઓએનજીસી કંપનીના જોરદાર વિરોધને કારણે તે પ્લાન અમલમાં મૂકી શકાયો નહોતો. સોમવારની બેઠકમાં સાઉદી અરેબિયાના ઓઈલ ખાતાના પ્રધાન ખાલિદ અલ ફલીહ, બ્રિટિશ પેટ્રોલિયમના સીઈઓ બોબ ડુડલે, ટોટલ કંપનીના વડા પેટ્રિક ફોયેન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન મુકેશ અંબાણી, વેદાંતના વડા અનિલ અગ્રવાલ હાજરી આપશે એવી ધારણા છે. આ બેઠકનું આયોજન નીતિ આયોગ દ્વારા કરવામાં આવ્યું છે. ડોલર સામે રૂપિયાનું મૂલ્ય સતત ઘસાતું રહ્યું હોવાથી અને ક્રૂડ તેલના ભાવ સતત વધી રહ્યા હોવાથી વિદેશી ઈન્વેસ્ટરોએ આ મહિનાના પહેલા બે અઠવાડિયામાં ભારતીય મૂડીબજારોમાંથી રૂ. ૨૬૬ અબજ (૩.૬ અબજ ડોલર) પાછા ખેંચી લીધા છે.

# ભારત વિરૂદ્ધ ૧૦ સર્જિકલ સ્ટ્રાઈક કરવા પાકની ધમકી

શ્રીનગર, તા. ૧૪

જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા ઉપર પાકિસ્તાની ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને આજે ગોળીબાર કર્યો હતો. જેના જવાબમાં ભારતે જોરદારરીતે જવાબી કાર્યવાહી કરી હતી. જેના કારણે સરહદ ઉપર થોડાક સમય માટે તંગદિલીપૂર્ણ સ્થિતિ સર્જાઈ ગઈ હતી. પૂંચ જિલ્લામાં દિગવાર સેક્ટરમાં પાકિસ્તાની સેનાએ ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાને ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવવા નાના અને ઓટોમેટિક હથિયારોનો ઉપયોગ કર્યો હતો. જવાબમાં ભારતીય જવાનોએ જોરદાર કાર્યવાહી કરી હતી. આમાં કોઈપણ નુકસાન કે ખુવારી થઈ નથી.

બીજી બાજુ ભારત દ્વારા બે વર્ષ અગાઉ કરવામાં આવેલા સર્જિકલ હુમલાને લઈને પાકિસ્તાન હજુ પણ પરેશાન છે. આના પુરાવા હજુ પણ મળી રહ્યા છે. પાકિસ્તાનના એક મેજર જનરલ આશીફ ગફુરે પાકિસ્તાન

**અંકુશરેખા પર પાકિસ્તાન દ્વારા ફરી ગોળીબાર : પાકિસ્તાનની ક્ષમતાને લઇને કોઇ શંકા ન રાખવા સલાહ**

તરફથી ભારતને ૧૦ સર્જિકલ સ્ટ્રાઈક કરવાની ધમકી આપી છે. આશીફ ગફુર સેનાની ઈન્ટર સર્વિસના જનસંપર્ક વિભાગના પ્રવક્તા પણ છે. લંડનમાં મિડિયા સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, જો ભારત દ્વારા પાકિસ્તાનની અંદર સર્જિકલ હુમલા કરવામાં આવશે તો તેની પ્રતિક્રિયામાં ૧૦ સર્જિકલ હુમલા કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, જો કોઈપણ અમારી સામે હુમલા માટે કાવતરા ઘડશે તેને પહેલા બે વખત વિચારવું પડશે. પાકિસ્તાનની ક્ષમતાઓને લઈને ભારત સહિતના દેશો કોઈ શંકા ન રાખે તે જરૂરી છે. સૈન્ય પ્રવક્તાએ કહ્યું હતું કે, પાકિસ્તાની સેના ૫૦ અબજ ડોલરના ચીન પાકિસ્તાન આર્થિક કોરિડોરના સંરક્ષક તરીકે છે અને વિશાળ યોજના દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવશે. સેના પાકિસ્તાનમાં લોકશાહીને મજબૂત કરવા માટે ઈચ્છુક છે. જુલાઈ મહિનામાં યોજાયેલી ચૂંટણી સૌથી પારદર્શક ચૂંટણી રહી હતી.

# છત્તીસગઢમાં કાર-ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત

**કાર ટ્રકને ઓવરટેક કરવા જતાં દુર્ઘટના બની**

રાયપુર,તા.૧૪

છત્તીસગઢના રાજનંદગાંવમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં, ૯ લોકોનાં મોત થયા છે, જ્યારે ૩ લોકો ઘાયલ થયા છે. એવું કહેવામાં આવી રહ્યુ છે કે ડોંગરગઢ જઈ રહેલી કાર હાઈવે પર ટ્રક સાથે અથડાઈ હતી. આ કારમાં એક જ પરિવારના ૯ લોકોનાં મોત થયાં હતા. આ ઘટના ત્યારે બની જ્યારે કાર ટ્રકને ઓવરટેક કરી રહી હતી.

નવરાત્રિના કારણે આ હાઈવે વન-વે હતો. ઈજાગ્રસ્ત લોકોને મનકી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. અકસ્માત બાદ રોડ પર ચક્કાજામ થઈ ગયો હતો. હાલ અન્જોરા બાય પાસેને બંધ કરવામાં આવ્યો છે.જાણવા મળી રહ્યું છે કે બંને વાહનો નેશનલ હાઈવે મુંબઈ પરથી ખૂબ ઝડપથી પસાર થઈ રહ્યાં હતા. આ ઘટના એટલી ભયાનક હતી કે કારમાં સવાર દુર્ગા જિલ્લાના ભિલાઈના રહેવાસી એક જ પરિવારના ૯ લોકોનાં મોત થઈ ગયા હતા.

આ તમામ લોકો ડોંગરગઢના માતા બમ્લેશ્વર ટેમ્પલથી દર્શન કરી પરત ફરી રહ્યા હતા. આ ઘટના બાદ રસ્તા પરથી પસાર થતા લોકોએ પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

જાણકારી મળ્યા બાદ તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી અમ્બ્યુલન્સ પહોંચી ગઈ હતી અને મૃતકોને બહાર કાઢ્યા હતા. ત્યારબાદ ઘાયલ લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા.

## આવતા વર્ષથી સમગ્ર ભારતમાં સમાન પ્રકારના નવા ડ્રાઈવિંગ લાઈસન્સ ઈસ્યૂ કરાશે

ન્યુ દિલ્હી,તા.૧૪

આવતા વર્ષના જુલાઈ મહિનાથી ભારતમાં જે નવા ડ્રાઈવિંગ લાઈસન્સ અને વેહિકલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ્સ ઈસ્યૂ કરાશે તે તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં સમાન પ્રકારના રહેશે.

નવા સ્માર્ટ ડ્રાઈવિંગ લાઈસન્સ તથા રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ્સ એમ્બેડ કરેલી માઈક્રોચિપ્સ અને ઊઈ કોડ્સવાળા હશે. આવતા વર્ષથી દેશભરમાં, મેટ્રો અને એટીએમ કાર્ડ્સની જેમ, તમામ ડ્રાઈવિંગ લાઈસન્સ અને વેહિકલ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ્સનો દેખાવ, રંગ અને ડિઝાઈન સમાન રહેશે. આની પાછળનો હેતુ ટ્રાફિક પોલીસકર્મીઓ એમના હેન્ડ-હેલ્ડ ડીવાઈસીસ દ્વારા વાહનચાલકના કાર્ડમાં સ્ટોર કરેલી વિગતો આસાનીથી એક્સેસ કરી શકશે.

# ભાજપ-શિવસેના લોકસભા ચૂંટણી સાથે મળીને લડી શકે

**એનસીપીના નેતા શરદ પવારે સંકેત આપ્યો : વિધાનસભાની ચૂંટણી સાથે નહીં લડે પરંતુ લોકસભામાં બંને પાર્ટી સાથે રહેશે : તંગ સંબંધો હોવાની કબૂલાત કરી**

મુંબઈ, તા. ૧૪

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારે અંદાજ વ્યક્ત કરતા કહ્યું છે કે, ભાજપ અને શિવસેના આગામી લોકસભાની ચૂંટણીમાં સાથે મળીને ચૂંટણી લડી શકે છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે આ બંને પાર્ટી એક સાથે ન આવે પરંતુ લોકસભાની ચૂંટણીમાં આ બંને પાર્ટીઓ સાથે રહેશે. બંને ચૂંટણી એક સાથે યોજવાની શક્યતાને ફગાવતા તેમણે કહ્યું હતુ કે, હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. કેન્દ્ર સરકાર છેલ્લા કેટલાક સમયથી લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજવાને લઈને શક્યતા ચકાસી રહ્યું છે. આ વર્ષની શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજવાને લઈને સંકેત આપ્યા હતા. મોદીના સંકેત બાદ આના પર વ્યાપક ચર્ચા થઈ હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, એક સાથે ચૂંટણી યોજવાની સ્થિતિમાં નાણાંની બચત થશે. પવારે કહ્યું હતુ કે, ભાજપ અને શિવસેના લોકસભા ચૂંટણી માટે હાથ મિલાવી શકે છે પરંતુ એવું બની શકે છે કે, રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે બંને પાર્ટી એકમત ન થાય. કેન્દ્ર અને રાજ્યમાં સત્તામાં ભાગીદાર હોવા છતાં ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો હંમેશા તંગદિલીપૂર્ણ રહ્યા છે. શિવસેનાએ આ પહેલા સંકેત આપ્યો હતો કે, ૨૦૧૯ની લોકસભા અને વિધાનસભા ચૂંટણી તે એકલા હાથે લડશે. ૨૦૧૯ની ચૂંટણી પહેલા કોંગ્રેસ અને એનસીપી વચ્ચે બેઠકોની વહેંચણીને લઈને ચિત્ર સ્પષ્ટ નથી. એનસીપીના અધ્યક્ષ શરદ પવારે કહ્યું છે કે, ૩૧મી ઓક્ટોબર પહેલા બેઠકોની વહેંચણીને લઈને નિર્ણય થઈ જાય તે જરૂરી છે. પ્રચાર માટે આના કારણે વધુ સમય મળી શકે છે. પવારના નિવેદન બાદ આ અંગે

● અનુસંધાન પાન-૭ પર

SUNDAY OPEN
one stop shop for furnishing
annual sale
NEPTUNE HOUSE
પડદા/સોફાનું કાપડ • બેડ શીટ્સ
વોલ પેપર • ફ્લોરીંગ
રોમન બ્લાઈન્ડસ્ • મેટ્રેસીસ
નવરંગપુરા રેલ્વે ક્રોસીંગ પાસે ✆:2643 0505
અશોકવાટીકા બીઆરટીએસ બસ સ્ટોપ પાસે, આંબલી બોપલ રોડ ✆:70166 54860

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય